ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિનું મૂલ્યાંકન : પરિમાણાત્મક સાધનોના સંદર્ભમાં

રાઠોડ રાજુભાઈ મોહનભાઈ

**B. A., M. A.**

અર્થશાસ્ત્ર ભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

❖ **સારાંશ :**

પ્રસ્તુત સંશોધન પેપરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિના વલણો જાન્યુઆરી 2019 થી જૂન 2020 સુધીના સમયગાળાને ધ્યાનમાં લેવામાં આવેલ છે.આ અભ્યાસમાં ખાસ કરીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિના પરિમાણાત્મક સાધનો જેવા કે કે BANK RATE, REPO RATE, REVERSE REPO RATE, MARGINAL STANDING FECILITY RATE, CASH RESERVE RATIO, STATUTORY LIQUIDITY RATIO પર ખાસ ધ્યાન આપવામાં આવેલ છે



❖ **મહત્વના શબ્દો :**

BANK RATE, REPO RATE, REVERSE REPO RATE, MARGINAL STANDING FECILITY RATE, CASH RESERVE RATIO, STATUTORY LIQUIDITY RATIO


❖ **પ્રસ્તાવના**

અર્થશાસ્ત્રના સિદ્ધાંત મુજબ નાણાકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ. નાણાંની માગ અને પુરવઠામાં અસમતુલા હોય તો અર્થતંત્રમાં ફુગાવો કે મંદી સર્જાય છે. આંતરરાષ્ટ્રીય બજારમાં નાણાંના મૂલ્યને અસર પહોંચે છે તથા અર્થતંત્રમાં અસ્થિરતા આવે છે માટે નાણાંની માગ અને પુરવઠાનું સંચાલન અત્યંત જરૂરી છે અને આથી નાણાકીય નીતિને સ્થિરતા લાવવા માટેની નીતિ (Stabilization policy) તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતમાં શરૂઆતના વર્ષોમાં નાણાકીય નીતિનો હેતુ નાણાંનું પ્રમાણ, મૂલ્ય અને સ્વરૂપને નિયંત્રિત કરવાનો હતો. હાલના સમયમાં નાણાકીય નીતિનો ઉપયોગ શાખસર્જન માટે થાય છે.

**" દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને પ્રજાનું હિત જાળવવા આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બેન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ."**

**( ધોરણ - 12ના અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકમાંથી )**

**" ટૂંકમાં નાણાંના પુરવઠામાં વધારો કે ઘટાડો કરવા અંગેની RBIની નીતિ એટલે નાણાકીય નીતિ."**

❖ **હેતુઓ**

1. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિના જાન્યુઆરી 2019 થી જૂન 2020 સુધીના વલણોનો અભ્યાસ કરવો.

2. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિના વલણો " Up Trends "માં ચાલી રહ્યા છે કે " Down Trends "માં ચાલી રહ્યા છે તેનો અભ્યાસ કરવો.

## ❖ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિના વલણોના સંદર્ભમા હોવાથી તેની મોટા ભાગની માહિતી આંકડાકીય સ્વરૂપમાં છે અને આ માહિતી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની ઓફિસિયલ વેબસાઈટ પરથી પ્રાપ્ત થયેલ છે. તેથી આ અભ્યાસ મોટાભાગે વર્ણનાત્મક પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં આંકડાકીય માહિતી ભૂતકાળમાં હોવાથી આંશિક રીતે ઐતિહાસિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે . તે ઉપરાંત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિના વલણોને સારી રીતે સમજવા માટે તુલનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

### નાણાંકીય નીતિના સાધનો

**(A) પરિમાણાત્મક સાધનો**

1. બેંક રેટ
2. રેપો રેટ
3. રિવર્સ રેપો રેટ
4. કેશ રિઝર્વ રેશિયો (CRR)
5. સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો (SLR)
6. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ (MSFR)
7. ખુલ્લા બજારની નીતિ
8. સ્ટરિલાઈઝેશન'ની નીતિ

**(B) ગુણાત્મક સાધનો**

1. સલામતીની બાંહેધરી
2. માર્જિનની જરૂરિયાત
3. ધિરાણની ટોચ મર્યાદા
4. ભેદભાવયુક્ત વ્યાજનાદર
5. અન્ય સાધનો
   - જાહેરાતો
   - પ્રોત્સાહનો
   - સલાહ સૂચનો

❖ પૃથ્થકરણ અને અર્થઘટન

**(A)પરિમાણાત્મક સાધનો**

**1.** બેંક રેટ

" RBI વેપારી બેંકોને લાંબાગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે છે તેને બેન્ક રેટ કહેવામાં આવે છે. "


- **ફુગાવામાં** બેન્ક રેટ વધારવામાં આવે છે.
- **મંદીમાં** બેન્ક રેટ ઘટાડવામાં આવે છે.

કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત

| DATE | BANK RATE |
|---|---|
| 04-01-2019 | 6.75 |
| 08-02-2019 | 6.50 |
| 0103-2019 | 6.50 |
| 05-04-2019 | 6.25 |
| 03-05-2019 | 6.25 |
| 07-06-2019 | 6.00 |
| 05-07-2019 | 6.00 |
| 09-08-2019 | 5.65 |
| 06-09-2019 | 5.65 |
| 04-10-2019 | 5.40 |

| | |
|---|---|
| 01-11-2019 | 5.40 |
| 06-12-2019 | 5.40 |
| 03-01-2020 | 5.40 |
| 07-02-2020 | 5.40 |
| 27-03-2020 | 4.65 |
| 03-04-2020 | 4.65 |

સ્રોત:www.rbi.org.com




કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2019 થી એપ્રિલ 2020 સુધીના બેન્કરેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2019માં બેન્ક રેટ 6.75 હતો તે ઘટીને માર્ચ 2020માં 4.65 થયો હતો.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

- બેંક રેટ ઘટીને જૂન 2020 ના રોજ 4.25 થયો હતો.
- હાલમાં બેન્ક રેટ ( નવેમ્બર 2020માં ) 4.25 યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2019 થી જૂન 2020 સુધીમાં બેન્ક રેટમાં સતત ઘટાડો થયેલો જોવા મળે છે.
- પરંતુ જુલાઈ 2020 થી નવેમ્બર 2020 સુધી બેંક રેટ સ્થિર રહેવા પામ્યો છે.

## 2. રેપો રેટ

" RBI વેપારી બેન્કોને ટૂંકા **ગાળાનું ધિરાણ** જે વ્યાજના દરે આપે છે તેને રેપો રેટ કહે છે. "


ટૂંકા ગાળાનું ધિરાણ ( 1 દિવસ, 7 દિવસ, 15 દિવસ

કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત

| DATE | REPO RATE |
|---|---|
| 04-01-2019 | 6.50 |
| 08-02-2019 | 6.25 |
| 01-03-219 | 6.25 |
| 05-04-2019 | 6.00 |
| 03-05-2019 | 6.00 |
| 07-06-2019 | 5.75 |
| 05-07-2019 | 5.75 |
| 09-08-2019 | 5.40 |
| 06-09-2019 | 5.40 |

| | |
|---|---|
| 04-10-2019 | 5.15 |
| 01-11-2019 | 5.15 |
| 06-12-2019 | 5.15 |
| 03-01-2020 | 5.15 |
| 07-02-2020 | 5.15 |
| 27-03-2020 | 4.40 |
| 03-04-2020 | 4.40 |

સ્રોત:www.rbi.org.com




કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2019 થી એપ્રિલ 2020 સુધીના રેપો રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2019માં રેપો રેટ 6.50 હતો તે ઘટીને માર્ચ 2020માં 4.40 થયો હતો.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

- રેપો રેટ ઘટીને જૂન 2020 ના રોજ 4.00 થયેલ હતો.
- હાલમાં રેપો રેટ ( નવેમ્બર 2020માં ) 4.00 યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2019 થી જૂન 2020 સુધીમાં રેપો રેટમાં સતત ઘટાડો થયેલો જોવા મળે છે.
- પરંતુ જુલાઈ 2020 થી નવેમ્બર 2020 સુધી રેપો રેટ સ્થિર રહેવા પામ્યો છે.

**3.** રિવર્સ રેપો રેટ


" **વેપારી બેંકો** RBIને ટૂંકા ગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે છે તેને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે. "

કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત

| DATE | REVERSE REPO RATE |
|---|---|
| 04-01-2019 | 6.25 |
| 08-02-2019 | 6.00 |
| 01-03-2019 | 6.00 |
| 05-04-2019 | 5.75 |
| 03-05-2019 | 5.75 |
| 07-06-2019 | 5.50 |
| 05-07-2019 | 5.50 |
| 09-08-2019 | 5.15 |
| 06-09-2019 | 5.15 |
| 04-10-2019 | 4.90 |

| | |
|---|---|
| 01-11-2019 | 4.90 |
| 06-12-2019 | 4.90 |
| 03-01-2020 | 4.90 |
| 07-02-2020 | 4.00 |
| 27-03-2020 | 4.00 |
| 17-04-2020 | 3.75 |

સ્રોત:www.rbi.org.com




કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2019 થી એપ્રિલ 2020 સુધીના રિવર્સ રેપો રેટની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2019માં રિવર્સ રેપો રેટ 6.25 હતો તે ઘટીને એપ્રિલ 2020માં 3.75 થયો હતો.
- રિવર્સ રેપો રેટ ઘટીને જૂન 2020 ના રોજ 3.35 થયેલ હતો.
- હાલમાં રિવર્સ રેપો રેટ ( નવેમ્બર 2020માં ) 3.35 યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2019 થી જૂન 2020 સુધીમાં રિવર્સ રેપો રેટમાં

સતત ઘટાડો થયેલો જોવા મળે છે.

- પરંતુ જુલાઈ 2020 થી નવેમ્બર 2020 સુધી રિવર્સ રેપો રેટ સ્થિર રહેવા પામ્યો છે.

**4. કેશ રિઝર્વ રેશિયો**

" RBIની 1934ની ધારા મુજબ દરેક વેપારી બેંકોએ પોતાની થાપણોના અમુક ટકા જેટલી રકમ RBI પાસે રોકડ અનામત તરીકે રાખવાની હોય છે. "

શરૂઆતના વર્ષોમાં આ પ્રમાણ

ચાલુ ખાતાની થાપણો **5 %**

લાંબાગાળાની થાપણો **2 %**

1962 પછી કુલ થાપણોના **3 %** **થી** **15** % વચ્ચે CRR રાખવામાં આવે છે. RBI જરૂરિયાત મુજબ CRR બદલે છે.

કોષ્ટક દ્વારા રજૂઆત

| DATE | CASH RESERVE RATIO ( CRR) |
|---|---|
| 04-01-2019 | 4.00 |
| 01-02-2019 | 4.00 |
| 01-03-2019 | 4.00 |
| 05-04-2019 | 4.00 |
| 03-05-2019 | 4.00 |
| 07-06-2019 | 4.00 |
| 05-07-2019 | 4.00 |
| 02-08-2019 | 4.00 |
| 06-09-2019 | 4.00 |

| | |
|---|---|
| 04-10-2019 | 4.00 |
| 01-11-2019 | 4.00 |
| 06-12-2019 | 4.00 |
| 03-01-2020 | 4.00 |
| 07-02-2020 | 4.00 |
| 06-03-2020 | 4.00 |
| 03-04-2020 | 3.00 |

સ્રોત:www.rbi.org.com

કોષ્ટકની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટકમાં જાન્યુઆરી 2019 થી એપ્રિલ 2020 સુધીના કેશ રિઝર્વ રેશિયોની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2019માં કેશ રિઝર્વ રેશિયો 4.00 હતો તે એપ્રિલ 2020માં ઘટીને 3 00 થયો હતો.
- જૂન 2020 ના રોજ કેશ રિઝર્વ રેશિયો 3.00 હતો.
- હાલમાં કેશ રિઝર્વ રેશિયો ( નવેમ્બર 2020માં ) 3.00 યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2019 થી માર્ચ 2020 સુધી કેશ રિઝર્વ રેશિયો 4.00 સાથે સ્થિર જોવા મળે છે.
- તેમજ એપ્રિલ 2020 થી નવેમ્બર 2020 સુધી કેશ રિઝર્વ રેશિયો 3.00 સાથે સ્થિર રહેવા પામ્યો છે.


### 5. સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો

**'બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ'** મુજબ દરેક વેપારી બેન્કે પોતાની કુલ થાપણોના અમુક ટકા જેટલું મૂલ્ય નકદ(રોકડ),સોનુ, સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું જરૂરી છે જેને કાયદા માન્ય પ્રવાહીતાનું પ્રમાણ કહેવામાં આવે છે.

કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત

| DATE | STATUTORY LIQUIDITY RATIO (SLR) |
|---|---|
| 11-01-2019 | 19.25 |
| 01-02-2019 | 19.25 |
| 01-03-2019 | 19.25 |
| 19-04-2019 | 19.00 |
| 03-05-2019 | 19.00 |
| 07-06-2019 | 19.00 |
| 12-07-2019 | 18.75 |
| 02-08-2019 | 18.75 |
| 06-09-2019 | 18.75 |
| 18-10-2019 | 18.50 |
| 01-11-2019 | 18.50 |
| 06-12-2019 | 18.50 |
| 10-01-2020 | 18.25 |
| 07-02-2020 | 18.25 |
| 06-03-2020 | 18.25 |
| 17-04-2020 | 18.00 |

સ્ત્રોત:www.rbi.org.com




કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2019 થી એપ્રિલ 2020 સુધીના સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2019માં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો 19.25 હતો તે ઘટીને એપ્રિલ 2020માં 18.00 થયો હતો.
- સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો જૂન 2020માં પણ 18.00 હતો.
- હાલમાં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો ( નવેમ્બર 2020માં ) 18.00 યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2019 થી માર્ચ 2020 સુધીમાં સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયોમાં સતત ઘટાડો થયેલો જોવા મળે છે.
- પરંતુ એપ્રિલ 2020 થી નવેમ્બર 2020 સુધી સ્ટેચ્યુટરી લિક્વિડીટી રેશિયો સ્થિર રહેવા પામ્યો છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

**6. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ**

નાણાંની કટોકટીના (અછતના) સમયે વેપારી બેંકો RBI પાસે સરકારી જમીનગીરોઓ મૂકીને નિર્ધારિત દરે ધિરાણ લે છે તેને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ તરીકે ઓળખવામાં આવે છે.


- આ દર રેપો રેટ કરતાં વધુ હોય છે.

- **2016** માં આ દર **7** ટકાનો હતો.

કોષ્ટક અને આલેખ દ્વારા રજૂઆત

| DATE | MARGINAL STANDING FACILITY RATE (MSFR) |
|---|---|
| 04-01-2019 | 6.75 |
| 08-02-2019 | 6.50 |
| 01-03-2019 | 6.50 |
| 05-04-2019 | 6.25 |
| 03-05-2019 | 6.25 |
| 07-06-2019 | 6.00 |
| 05-07-2019 | 6.00 |
| 09-08-2019 | 5.65 |
| 06-09-2019 | 5.65 |
| 04-10-2019 | 5.40 |
| 01-11-2019 | 5.40 |
| 06-12-2019 | 5.40 |
| 03-01-2020 | 5.40 |
| 07-02-2020 | 5.40 |
| 27-03-2020 | 4.65 |
| 03-04-2020 | 4.65 |

સ્રોત:www.rbi.org.com




કોષ્ટક અને આલેખની સમજૂતી

- ઉપરોક્ત કોષ્ટક અને આલેખમાં જાન્યુઆરી 2019 થી એપ્રિલ 2020 સુધીના માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી **રેટ** ની આંકડાકીય માહિતી આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી 2019માં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ 6.75 હતો તે ઘટીને માર્ચ 2020માં 4.65 થયો હતો.
- માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ જૂન 2020માં ઘટીને 4.25 થયો હતો.
- હાલમાં માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ ( નવેમ્બર 2020માં ) 4.25 યથાવત છે.
- ઉપરોક્ત માહિતી ઉપરથી એમ કહી શકાય કે જાન્યુઆરી 2019 થી જૂન 2020 સુધી માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટમાં સતત ઘટાડો થયેલો જોવા મળે છે.
- પરંતુ જુલાઈ 2020 થી નવેમ્બર 2020 સુધી માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ 4.25 સ્થિર રહેવા પામ્યો છે.

**7. ખુલ્લા બજારની નીતિ**

અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારવા કે ઘટાડવા RBI ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરીઓનું ખરીદ-વેચાણ કરે છે.

**8. સ્ટરિલાઈઝેશન'ની નીતિ**

"RBI હૂંડિયામણના વધતા કે ઘટતા પ્રમાણના આંચકાઓથી અર્થતંત્રને મુક્ત કરવા માટે સ્ટરિલાઈઝેશન'ની

નીતિ અપનાવે છે.

**(B) ગુણાત્મક સાધનો**

**1.સલામતીની બાંહેધરી**

બેંકો ધિરાણ લેનાર દરેક વ્યક્તિ પાસે તેમની કોઇ મિલકત જેવી કે **ઘરેણાં,કાર, ઘર, જમીન** વગેરે સલામતીની બાહેધરી પેટે લખાવે છે.

જો કોઇ ગ્રાહક બેંકની શરતો મુજબ ધિરાણની રકમ પાછી ન ચૂકવે તો બેંક આવી સલામતી પેટે રાખેલ વસ્તુ જપ્ત કરે છે.

**2. માર્જિનની જરૂરિયાત**

સલામતીની બાંહેધરી પેટે બતાવેલ મિલકતના અમુક ટકા જ અથવા માંગેલી લોનના અમુક ટકા જ જેટલી રકમનું ધિરાણ એકમને /વ્યક્તિને મળી શકે છે આવી ટકાવારીને ધિરાણનુ માર્જિન કહેવામાં આવે છે.

**3.ધિરાણની ટોચ મર્યાદા**

કોઈ પણ એક વ્યક્તિ કે એકમ માટે ધિરાણની ટોચ મર્યાદા RBI નક્કી કરે છે.

**4.ભેદભાવયુક્ત વ્યાજના દર**

અલગ-અલગ પ્રકારના ધીરાણ માટે અલગ-અલગ વ્યાજના દર રાખવાની પદ્ધતિ RBI સૂચવે છે જેને ભેદભાવયુક્ત વ્યાજના દરની નીતિ કહેવામાં આવે છે.

**❖ તારણો**

1. જાન્યુઆરી 2019 થી જૂન 2020 સુધીમાં RBIના વિવિધ રેટ જેવા કે BANK RATE, REPO RATE, REVERSE REPO RATE, MARGINAL STANDING FECILITY RATE, CASH RESERVE RATIO, STATUTORY LIQUIDITY RATIO માં સતત ઘટાડો થયેલો જોવા મળે છે.
2. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિના વલણો જાન્યુઆરી 2019 થી જૂન 2020 સુધીમાં " Down Trends "માં ચાલી રહ્યા છે.
3. જુલાઈ 2020 થી નવેમ્બર 2020 સુધી બેંકના વિવિધ રેટ સ્થિર રહેવા પામ્યા છે.
4. મદીના સમયમાં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા બેંકના વિવિધ રેટમાં ઘટાડો કરવામાં આવે છે.

**❖ ઉપસંહાર**

ઉપરોક્ત સંશોધન પેપરમાં આપણે નાણાકીય નીતિનો અર્થ તેમજ નાણાંકીય નીતિના સાધનોની વિગતવાર ચર્ચા કરી. તેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિના વલણો જાન્યુઆરી 2019 થી જૂન 2020 સુધીના સમયગાળાને ધ્યાનમાં લેવામાં આવેલ છે.આ અભ્યાસમાં ખાસ કરીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિના પરિમાણાત્મક સાધનો પર ખાસ ધ્યાન આપવામાં આવેલ છે.ઉપરોક્ત ચર્ચા પરથી એમ કહી શકાય કે અર્થતંત્રમાં મંદી કે ફુગાવાને અંકુશમાં લાવવા માટે RBI દ્વારા નાણાકીય નીતિમાં યોગ્ય ફેરફાર કરવામાં આવે છે.

## ❖ Reference


- www.rbi.org.in
- www.timesofindia.com
- www.moneycontrol.com
- www.tax-india.in
- www.paisabazaar.com
- www.data.oecd.org
- www.bankbazaar.com